## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ઇમ્યુનિટી ઓછી થઈ ગઈ હોય તેવું લાગે છે... કોરોનાના ન્યૂઝ વધારે પડતા જોવો છો...???

# રાજ્યમાં કોરોના સામે વ્યૂહરચના ઘડવા શ્રેષ્ઠત્તમ તબીબોના એક્સપર્ટ ગૃપ ઓફ ડૉકટર્સની રચના

**મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ : એક્સપર્ટ ગૃપ ઓફ ડોકટર્સમાં ખ્યાતનામ ડોકટર્સ સર્વશ્રી ડો. અતુલ પટેલ - ડો. તુષાર પટેલ - ડો. આર. કે. પટેલ - ડો. તેજસ પટેલ - ડો. મહર્ષિ - ડો. દિલીપ માવલંકર - ડો. પંકજ શાહ - ડો. અમીબહેન પરીખ - ડો. વી. એન. શાહનો સમાવેશ - આરોગ્ય અગ્ર સચિવશ્રી ગૃપના કન્વીનર તરીકે**

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વૈશ્વિક મહામારી કોરોના કોવિડ-૧૯ વાયરસ સામે રાજ્યમાં વ્યૂહરચના—સ્ટ્રેટેજી ઘડીને અમલીકરણ, દેખરેખ અને નિયંત્રણ માટે ૮ જેટલા શ્રેષ્ઠ અને ખ્યાતનામ તબીબોના ગૃપ ઓફ એકસપર્ટ ની રચના કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણ સામેના રાજ્ય સરકારના ઉપાયો, ઉપચારાત્મક પગલાંઓ તથા આરોગ્ય વ્યવસ્થામાં રાજ્યના શ્રેષ્ઠ-તજજ્ઞ તબીબોનું માર્ગદર્શન-સલાહ સૂચનો માટે મંગળવારે ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતીમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.

આ બેઠકમાં આરોગય અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ કોરોના – કોવિડ-૧૯ સામેના રાજ્ય સરકારે હાથ ધરેલા ઉપાયો, સારવાર તથા અન્ય સર્વગ્રાહી બાબતોનું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં ઉપસ્થિત તબીબોની



તજજ્ઞતા-એક્સપર્ટાઈઝનો વિનિયોગ રાજ્યની જનતા જનાર્દનની આરોગ્ય સુખકારી વધુ સંગીન બનાવવા મળી રહે તેવી અપિલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર આઠ જેટલા વરિષ્ઠ અને ખ્યાતનામ શ્રેષ્ઠ તજજ્ઞ તબીબોના એકસપર્ટ ગૃપની રચના કરવાનો નિર્ણય કર્યો હતો.

આ એકસપર્ટ ગૃપ કોવિડ-૧૯ સામે વ્યૂહરચના, અમલીકરણ, દેખરેખ અને સુપરવિઝન તથા જાહેર આરોગ્ય-પબ્લીક હેલ્થને સુદ્રઢ કરવાના શોર્ટટર્મ, મિડીયમ ટર્મ તથા લોંગટર્મ ઉપાયો ભલામણો રાજ્ય સરકારને આપશે.

આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિના કન્વીનર પદે રચાનારા આ એકસપર્ટ ગૃપમાં તજજ્ઞ તબીબો સર્વશ્રી ડૉ. અતુલ પટેલ- ડૉ. તુષાર પટેલ - ડૉ. આર. કે. પટેલ - ડૉ. તેજસ પટેલ- ડૉ. મહર્ષિ- ડૉ. દિલીપ માવલંકર- ડૉ. પંકજ શાહ - ડૉ. અમીબહેન પરીખ- ડૉ. વી.એન.શાહનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ એકસપર્ટ ગૃપ સમયાંતરે તેનો ભલામણ અહેવાલ રાજ્ય સરકારને આપશે અને આ ભલામણોના આધારે રાજ્ય સરકાર રણનીતિ તય કરશે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોના કોવિડ-૧૯ પછી જે રીતે આર્થિક ઔદ્યોગિક સ્થિતીના સુધારાઓની ભલામણો માટે ડૉ. હસમુખ અઢિયાની તજજ્ઞ સમિતી કાર્યરત છે તે જ પરિપાટીએ આ એકસપર્ટ ગૃપ પણ કોવિડ-૧૯ને લગતી પબ્લીક હેલ્થ સિસ્ટમ, હેલ્થ ફેસેલીટીઝ તથા ટ્રીટમેન્ટ પ્રોટોકોલ સહિતના વિષયો પર રાજ્ય સરકારને ભલામણો કરશે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં તજજ્ઞ તબીબો, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, કોવિડ-૧૯ સારવાર સહિતની બાબતોના રાજ્યના મુખ્ય સંકલન અધિકારી અને મહેસૂલ અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી મનોજકુમાર દાસ, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિ, સચિવ શ્રી અશ્વિનીકુમાર, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે સહિતના અધિકારીઓ જોડાયા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે પંચાયતની વિવિધ શાખાના અધિકારીઓની સાથે પ્રથમ બેઠક યોજી હતી.
- જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શરૂ થયેલા કંટ્રોલરૂમમાં નાયબ મામલતદારોની નિયુક્તી સાથે ૧૧ જેટલા નાયબ મામલતદારોની બદલીનો ગંજીફો ચીપ્યો છે.
- અનલોક-૧ અમલમાં આવ્યા પછી કોવિડ-૧૯થી બચવાના પગલાંઓ અંગે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.
- અનલોક-૧ અમલમાં આવતાં જ જિલ્લાની વિવિધ કચેરીઓમાં પણ ધીમી ગતિએ કામકાજનો આરંભ થયો છે.
- મીનાબજારમાં ચા-નાસ્તાની લારીઓ પર ભારે ભીડ જામી રહી છે. ક્યારેક ક્યારેક સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન પણ ભુલાય જાય છે.
- સચિવાલય ખાતે સ્ક્રીનીંગ માટેની જવાબદારી જિલ્લા આરોગ્યતંત્રને સોંપવામાં આવી છે.

# ગુજરાત યુનિ.ની ૨૫ જૂનથી યોજાનારી પરીક્ષા મુલત્વી

ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર છે. ૨૫ જૂનથી લેવાનાર પરીક્ષાઓ પાછી ઠેલવામાં આવી છે. હવે ૧૦ જૂલાઈ બાદ પરીક્ષા લેવામાં આવશે. બે તબક્કામાં યોજાનાર પરીક્ષાની શરૂઆત ૧૦ જૂલાઈ બાદ લેવાશે. આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં ૧૦ જુલાઈએ અંતિમવર્ષના વિદ્યાર્થીઓ અને પીજીના વિદ્યાર્થીઓની જ પરીક્ષા લેવામાં આવશે. સેમેસ્ટર ૨ અને ૪ નાં વિદ્યાર્થીઓને મૂલ્યાંકનના આધારે આગળના વર્ષમાં પ્રવેશ આપવામાં આવશે. જો કે છેલ્લા વર્ષનાં વિદ્યાર્થીઓને પ્રમોશન આપવામાં નહીં આવે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પોતાના વતન નજીકનું સેન્ટર મળે તે માટે વ્યવસ્થાઓ કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીમાં પરીક્ષા અને પ્રવેશ મામલે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ઉચ્ચ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સાથે ચર્ચા કરવામાં આવી હતી. યુનિવર્સિટીના ડીન અને સિન્ડિકેટ સભ્યો બેઠકમાં હાજર રહ્યા હતા.

# જયંત પટેલની ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂંક કરાઈ

ગાંધીનગર, તા. ૧

નેશનલ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ ગુજરાતના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે જયંત પટેલ (બોસ્કી) ના નામની જાહેરાત કરી છે. અગાઉ પણ જયંત પટેલ પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકેને જવાબદારી નીભાવી ચૂક્યા છે. તેઓ હવે શંકરસિંહ વાઘેલાની જગ્યા લેશે. એનસીપી સુપ્રીમો શરદ પવારે જયંત પટેલની ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂંક કરી છે.

જયંત પટેલના નામની જાહેરાત થવાની સાથે જ હવે શંકરસિંહ વાઘેલાને તેમની સાથે મળીને ગુજરાતમાં પાર્ટી માટે કામ કરવાનું રહેશે.

શંકરસિંહનું પાર્ટીમાં કદ ઘટતા તેઓ કંઈ નવાજૂની કરવાના મૂડમાં હોય તેમ લાગી રહ્યું છે, કારણ કે તેમણે પોતાના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટની પ્રોફાઈલ પરથી એનસીપી નેતા તરીકેની ઓળખ હટાવીને પૂર્વ મુખ્યમંત્રી તરીકે પોતાને રજૂ કર્યા છે. અગાઉ શંકરસિંહ પોતાના ટ્વિટર એકાઉન્ટમાં પોતાને એનસીપી ના જનરલ સેક્રેટરી તરીકે રજૂ કરતા હતા. જણાવી દઈએ કે, શંકરસિંહ વાઘેલાને ગુજરાતના રાજકારણમાં ચાર દાયકાથી વધુનો અનુભવ છે. શંકરસિંહ વાઘેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) માં સક્રિય સભ્ય હતા. ગુજરાતમાં આરએસએસના સ્વયં સેવક તરીકે અને ભાજપમાં સંગઠન વિસ્તારવાનું મોટુ કામ કર્યું હતું. સંઘ અને ભાજપના વિકાસ વિસ્તારમાં તેમનું નોંધપાત્ર યોગદાન રહેલું છે. શંકરસિંહ ૧૯૮૦થી ૧૯૯૧ સુધી ગુજરાત ભાજપના મહામંત્રી અને પ્રમુખ તરીકે કામ કરી ચૂક્યા છે.

# કોંગ્રેસનાં નેતા શક્તિસિંહ ગોહિલના માતાનું અવસાન

**શક્તિસિંહ ગોહિલ ગુજરાતમાંથી રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી લડી રહ્યા છે : ચૂંટણી ૧૯મી જૂને યોજાશે**

ગુજરાત કોંગ્રેસનાં દિગ્ગજ નેતા શક્તિસિંહ ગોહિલની માતાનું આજે નિધન થયું છે. જેને લઈને તેઓએ દુઃખ વ્યક્ત કરતાં ટ્વિટ કરીને પોતે પોતાની માતાનાં નિધનનાં સમાચાર આપ્યાં હતાં. તેઓએ મંગળવારનાં રોજ આજે ટ્વિટ કરીને જણાવ્યું કે, 'મારા જીવનમા કદી નહીં પૂરી શકાય તેવી ખોટ પડી છે. મારા માતુશ્રીનું આજે અવસાન થયેલ છે. મારા શુભચિંતકોની સંવેદના અમારા પરિવારની સાથે જ હોય તેનો મને પૂરો વિશ્વાસ છે. હાલ જ્યારે કોરોનાની મહામારી ચાલી રાહી છે ત્યારે શોકાંજલિ માટે રૂબરૂ ના પધારવા વિનંતી છે.' ઉલ્લેખનીય છે કે, શક્તિસિંહ ગોહિલ એ ગુજરાત કોંગ્રેસનાં દિગ્ગજ નેતા છે. હાલમાં તેઓ ગુજરાતમાંથી રાજ્યસભાની ચૂંટણી પણ લડી રહ્યાં છે અને સાથે કોંગ્રેસમાંથી ભરતસિંહ સોલંકી પણ રાજ્યસભાની ચૂંટણી લડવાના છે. જેને લઈને ૧૯મી જૂનનાં રોજ મતદાન છે. ઉપરાંત તેઓ હાલમાં બિહાર કોંગ્રેસનાં પ્રભારી તરીકેની પણ જવાબદારી સંભાળી રહ્યાં છે.



## સોજા ગામે નવા પાણીના બોરનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર જિલ્લાના સોજા ગામે ભારતનગર વિસ્તારમાં જિલ્લા પંચાયત સદસ્ય જયેશભાઈ ચૌધરીના હસ્તે તેમની ગ્રાન્ટમાંથી બનાવાયેલ નવા પાણીના બોરનું કંકુ-તિલક કરી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ. આ બોરની સ્વીચ દક્ષાબેન પટેલના હસ્તે પાડવામાં આવી હતી. જે પ્રસંગે અગ્રણી ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# નવ જિલ્લાની આરટીઓમાં શનિ-રવિવારે ડ્રાઈવિંગ ટેસ્ટ

**૯થી સાંજે ૬ વાગ્યા સુધી ટેસ્ટ આપી શકાશે : અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, સુરત સહિત ડ્રાઈવિંગ લાયસન્સની કામગીરી હાથ ધરાશે**

ગાંધીનગર, તા. ૨

ગુજરાતની આરટીઓ કચેરીઓ આગામી ૪ જૂનથી રાબેતા મુજબ શરૂ કરાશે. લાયસન્સ સબંધિત કામગીરી માટે ઓનલાઈન એપાઈન્ટમેન્ટ લેનાર અરજદારે ફરજિયાત હાજર રહેવું પડશે. પાકા લાયસન્સની કામગીરીનો ભરાવો થઈ જતાં અમદાવાદ સહિત નવ શહેરમાં શનિવાર-રવિવારે પણ કામગીરી હાથ ધરાશે. શનિવાર તથા રવિવારે સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકાશે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, બનાસકાંઠા, મહેસાણા, ભૂજ ખાતે ડ્રાઈવિંગ લાયસન્સની કામગીરી શનિવાર-રવિવારે પણ હાથ ધરાશે. આરટીઓ કચેરીમાં ફરજીયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ અને થર્મલ સ્ક્રીનિંગ પછી જ વાહનચાલકોને અપોઈમેન્ટના ૧૫ મિનિટ



પહેલાં પ્રવેશ અપાશે. કોરાનાની મહામારીના કારણે લોકડાઉન જાહેર કરાયું હોવાથી છેલ્લા બે મહિનાથી આરટીઓ કચેરી બંધ હતી. સરકારી કચેરીઓ ગઈ કાલ શરૂ થઈ ગઈ છે ત્યારે હવે આરટીઓ કચેરીઓ ચાર જૂનથી રાબેતા મુજબ શરૂ કરાશે. જેમાં ખાસ કરીને કોરોના વાયરસનું સંક્રમણ થાય નહીં માટે આરટીઓ કચેરી બહાર સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે ગોળસર્કલ બનાવીને લાઈનમાં નંબર પ્રમાણે કામગીરી કરવી તથા આવનારા તમામ અરજદારો અને કર્મચારીઓએ માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે. વાહનના લાઈસન્સને લગતી કામગીરી માટે એપાઈન્ટમેન્ટ ફરિયાત લેવાની રહેશે અને નિયત તારીખે અરજદાર હાજર નહીં રહે તો ફરી વખત એપોઈન્ટમેન્ટ લેવી પડશે. ડ્રાઈવિંગ ટેસ્ટ સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી આપી શકાશે. ઉપરાંત શિખાઉ લાયસન્સની મુદત પુરી થઈ હોય તેવા કિસ્સામાં તા. ૨૧-૦૩-૦૨૦૨૦ થી તા. ૩૧-૦૭-૨૦૨૦ સુધી જે અરજદારો લાઈસન્સની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય તેવા અરજદારોએ આગામી તા. ૩૧-૦૭-૨૦૨૦ સુધી ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે. જેનાં માટે કોઈ વધારાની ફી અરજદારે ભરવાની રહેશે નહીં આરટીઓ કચેરીના કર્મચારીઓ પણ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવનારા અરદારાનું કામકાજ ઓછા સમયમાં અને નિયત થયેલી તારીખે પૂર્ણ કરાવું જેથી અરજદારોને ધક્કા ખાવા ન પડે તેવી પણ વડી કચેરી દ્વારા સૂચના આપવામાં આવી છે.

# ૨૪ કલાક સુધી મોતનાં સમાચાર સિવિલે છુપાવ્યાનો આક્ષેપ

**મૃતક નૂરબીવી મલેક સેન્ટ્રલ જેલમાં પોલીસ કોન્સ્ટેબલ હતાં : નિવૃત્ત હતાં, સોમવારે કોરોના વોર્ડમાં મોત થયું હતું**

અમદાવાદ, તા. ૨

સિવિલ હોસ્પિટલની લાલિયાવાડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. સિવિલમાં ૬૦ વર્ષીય નૂરબીવી મલેકનું મોત થયા બાદ તેમના પરિવારજનોએ હોસ્પિટલ પર ૨૪ કલાક સુધી દર્દીની મોતને છુપાવવાનો આરોપ લગાવ્યો છે. પરિવારના અન્ય સભ્યોએ આરોપ લગાવ્યો હતો કે હોસ્પિટલના અધિકારીઓએ તેમને નૂરબીવીના મૃત્યુ અંગે ૨૪ કલાક પછી જાણ કરવામાં આવી હતી. આ આરોપ સોમવારે મલેક પરિવાર દ્વારા અસારવા સિવિલ હોસ્પિટલ ડેઝિગ્નેટેડ કોવિડ હોસ્પિટલના ડોક્ટર અને કર્મચારીઓ વિરુદ્ધ કરવામાં આવ્યો હતો. સત્તાવાર રીતે, ૬૦ વર્ષીય નિવૃત્ત કોન્સ્ટેબલ નૂરબીવીનું સોમવારે કોરોના વોર્ડમાં મૃત્યુ થયું હતું. જો કે, તેના પરિવારના સભ્યોનો દાવો છે કે તેણીનું ઓછામાં ઓછા ૨૪ કલાક પહેલા મોત નીપજ્યું હતું અને વોર્ડના કર્મચારીઓએ એક દિવસ માટે દર્દીને સવારથી સાંજ જમણા પડખે સૂતા રાખ્યા હતા અને એવો દાવો કર્યો હતો કે નૂરબીવી સૂઈ રહ્યા છે. નૂરબીવીની બહેન રાઈસા શેખે જણાવ્યું કે, નૂરબીવી મલેક સાબરમતી સેન્ટ્રલ જેલમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે નોકરી કરતા હતા. તેમના પતિ અબ્દુલ રશિદ મલેક પણ એક પોલીસ અધિકારી હતા. જે ફરજ પર મૃત્યુ પામ્યા હતાં. મારી બહેન રમઝાન દરમિયાન રોજા કરતી હોવાથી કમજોર પડી ગઈ હતી. તે ચાલવામાં પણ અસમર્થ હોવાથી અમે તેને જમાલપુરની ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ વીએસ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ અમને ત્યાં જગ્યા ન મળી હોવાથી તેને સિવિલમાં દાખલ કરી હતી. રાઈસાએ ઉમેર્યું કે, મલેકને કોરોના પોઝિટીવ હોવાની શંકાના આધારે સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ તેમને કોવિડ-૧૯ ફેસિલિટીમાં દાખલ કરી હતી. રાઈસાએ જણાવ્યું કે, શનિવારે બપોરે તેણીને ૦-૩ વોર્ડમાં રાખવામાં આવી હતી અને તેના ટેસ્ટ પણ નોર્મલ આવ્યા હતાં. બાદમાં કોરોના ટેસ્ટ તેમના સેમ્પલ પરીક્ષણ માટે મોકલ્યા હતાં. રવિવારે બપોરે સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ અમને જણાવ્યું કે તેમનો કોવિડ-૧૯ રિપોર્ટ પોઝિટીવ છે. ત્યારબાદ મેં એક સ્ટાફને વિડીયો કોલ કરવાની વિનંતી કરી હતી, જેથી હું તેને જોઈ શકું અને દિલાસો આપી શકું. કર્મચારીએ વિડીયો કોલ કર્યો અને પીઠનો ભાગ બતાવીને કહ્યું કે, તેઓ સુઈ રહ્યા છે. રાઈસાએ કહ્યું કે, મેં સોમવારે સવારે ફરીથી ફોન કર્યો હતો ત્યારે કર્મચારીએ તેની બહેનને જમણા પડખે જ સૂતેલી બતાવી હતી. જ્યારે રાઈસાએ બહેનનો ચહેરો જોવાની જીદ કરી, ત્યારે કર્મચારીએ કહ્યું કે તેઓ સુઈ રહ્યા છે.

**ગાંધીનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો અને રોજગાર વાંચ્છુક**

# ઉમેદવારો વચ્ચે રોજગાર વિનિમયની કચેરી ઈમેલના માધ્યમથી સેતુની ભૂમિકા અદા કરશે

ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના ઔધોગિક એકમો, સંસ્થાઓ, કારખાના, ફેકટરીઓના સંચાલકો પોતાના એકમોમાં ખાલી પડેલ જગ્યાઓ મુજબ વેકેન્સી નોટિફાઇડ કરાવી શકે તે હેતુથી જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર ને ઈ-મેઈલના માધ્યમથી આવી ખાલી જગ્યાઓ (વેકેન્સી) નોટીફાઈડ કરાવવા જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, હાલમાં નોવેલ કોરોના –કોવીડ-૧૯ના સંક્રમણને અટકાવવા માટે દેશ અને દુનિયામાં પ્રયત્નો થઇ રહ્યા છે જેમાં ગુજરાત સરકાર પણ સતત પ્રયત્નશીલ છે. જીલ્લા ખાતેના વિવિધ ઔધોગિક એકમોમાં કામ કરતા પરપ્રાંતીય શ્રમિકો તેમજ કર્મચારીઓ પોતાના વતન તરફ સ્થળાંતર કરી ગયા છે. જેથી મોટાભાગના ઔધોગિક એકમોમાં વિવિધ પ્રકારની જગ્યાઓ ખાલી પડી છે, આથી સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન મળે તેમજ રોજગારીની ઘટ પૂરી કરવા ગાંધીનગર જીલ્લાના ઔધોગિક એકમો, સંસ્થાઓ, કારખાના, ફેકટરીઓના સંચાલકો પોતાના એકમોમાં ખાલી પડેલ જગ્યાઓ મુજબ વેકેન્સી નોટિફાઇડ કરાવી શકે તે હેતુ જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર ને ઈ-મેઈલના માધ્યમથી આવી વેકેન્સી નોટીફાઈડ કરાવવાની રહેશે, ઐધોગિક એકમોએ મેનપાવરની જરૂરિયાત પ્રમાણે માંગણીપત્ર મોકલી આપવાના રહેશે. નોકરીદાતાઓએ વેકેન્સી નોટીફાઈડ માટે dee-gnr@gujarat.gov.in ઉપર મેઈલ કરવાનો રહેશે.

જેથી જીલ્લાની રોજગાર કચેરી ઔધોગિક એકમોમાં ખાલી પડેલ જગ્યાઓ મુજબ નજીકના વિસ્તારના રોજગારવાન્છું ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત પ્રમાણે રોજગાર વિનિમય કચેરી મધ્યસ્થી બની ને રોજગાર અપાવવાના પ્રયત્નો કરશે. સાથે રોજગારવાન્છું ઉમેદવારો રોજગારી મેળવવાના હેતુસર પોતાના ઘરે રહીને રોજગાર કચેરીને બાયોડેટા મોકલવા માટે- employment.gnr@gmail.com ઉપર મેઈલ કરવાનો રહેશે.

# ગાંધીનગર ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજની અનુકરણીય કામગીરી

ચિલોડા, તા. ૨

સિનિયર સીટીઝન કલબ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા અનેક સામાજિક,



ધાર્મિક, સેવાકીય પ્રવૃતિથી જનજાગૃતિ અને સેવા યજ્ઞ કરી અનેકવિધ મદદરૂપ થવાનો પ્રયાસ હરહંમેશ મોખરાનું સ્થાન ધરાવે છે. ત્યારે સમાજના વડવાસા ગામના આશાસ્પદ કુટુંબના મોભી સમા યુવાન જીગ્નેશભાઈ ભગવાનદાસ પટેલ અને તેમની ધર્મપત્ની તથા મહિલા પોલીસકર્મી શિતલબેનનું દેવ દિવાળીના દિવસે કાટવાડ ખાતે અકસ્માત થતાં અકાળે દુઃખદ અવસાન થયુ હતુ.

તેમના માત્ર સાત માસના જોડીયા બે માસુમ બાળકો પુત્ર નિજ અને પુત્રી નિજા માતા-પિતાની વિદાય થતાં નિરાધાર મુકી સ્વર્ગવાસ થયેલ છે. તેમના માતા ગં.સ્વરૂપ અંબાબેન ભગવાનદાસ પટેલને અને બાળકોને મદદરૂપ થવા માટે કલબ દ્વારા રૂ. ૭૦,૦૦૦નો ફાળો એકત્ર કરેલ હતો. તા. ૧-૬-૨૦૨૦ના સોમવારના રોજ ઘડકણ મુકામે બેંક ઓફ બરોડામાં ૨૦ વર્ષની મુદતે તેમની દાદીમા ગં.સ્વરૂપ અંબાબેન પટેલના નામે અને નોમીની તરીકે પુત્ર નીજ અને પુત્રી નિજાને રાખેલ છે. જે ૭૦,૦૦૦ રૂ. અંબાબેનનો કલબના સંયોજક રમણભાઈ પટેલ, સભ્ય મનુભાઈ પટેલ તથા સુરેશભાઈ પટેલના હસ્તો અંબાબેન પટેલના ભત્રીજા તુષારભાઈની હાજરીમાં અર્પણ કરી માનવતાની મહેક પ્રસરાવી કલબનું નામ રોશન કરેલ છે.

**હંગામી/કરાર આધારિત મલ્ટીટાકિંસગ સ્ટાફ નિયુક્તિ**

**ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર**

આઈ.આઈ.ટી.ઈ. ખાતે હંગામી/કરાર આધારિત મલ્ટીટાસ્કિંગ સ્ટાફ જેવા કે ડ્રાઈવર, પટાવાળા, ઈલેક્ટ્રીશીયન, માળી, બિલ્ડીંગ મેન્ટેનન્સ સુપરવાઈઝર વગેરે માટે નિયુક્તિ કરવાની છે. જે સંદર્ભે તા. ૩/૬/૨૦૨૦ થી ૮/૬/૨૦૨૦ સુધીમાં આઈ.આઈ.ટી.ઈ. ખાતે ઉમેદવારોએ પોતાની વિગત જરૂરી દસ્તાવેજો સાથે પહોંચાડવાની રહેશે. જગ્યા અંગેની વિસ્તૃત માહિતી સંસ્થાના નોટીસ બોર્ડ પર અને વેબસાઈટ www.iite.ac.in ઉપર તા. ૩/૬/૨૦૨૦ના રોજ મુકવામાં આવશે.

તારીખ : ૨/૬/૨૦૨૦ કુલસચિવ
સ્થળ : ગાંધીનગર આઈ.આઈ.ટી.ઈ.